# પલકારા: ચિત્રપટનું ચિતરામણ

કલ્પેશભાઈ ભલાભાઈ ચાવડા
*(B.A., M.A., UGC NET, PH.D. Running)*
*પીએચ.ડી. શોધછાત્ર, ગુજરાતી ભાષા*
*સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર*
*doi.org/10.64643/IJIRTV12I8-191413-459*

મેઘાણીએ જેવી રીતે કર્ણોપકર્ણ સાહિત્યને કાગળમાં ઉતાર્યું. તેવી જ રીતે સન્મુખ (સિનેમા) સાહિત્યનું પણ સ્વર્ણાક્ષરાંકન કર્યું. આ સાહિત્ય એટલે યુરોપના સાહિત્ય પરથી તત્કાલીન black & white ફિલ્મો કે જે થિયેટરમાં જઈ મેઘાણીએ જોયું, સાંભળ્યું અને તેના પરથી કલ્પના, અલંકારો, સંવાદો પોત્તાના ઉમેરી આપણી સમક્ષ ધર્યું- છે. હા, વાત કરું છું વાર્તાકાર મેઘાણીની. લોકકથા, નવલકથા - જેવા કથાસાહિત્યથી તેમની સ્હેજે જુદી પડતી વાર્તાઓ એટલે ચિત્રપટ પરથી બનેલી ચોપડી: પલકારા. આ પૂર્વે પણ તેમણે ચિત્રપટો પરથી જ 'પ્રતિમાઓ' નામે નવેક વાર્તાઓ આપી છે. અને 'પલકારા' ની છ વાર્તાઓ - એમ પંદર વાર્તાઓમાં તેમણે જોયેલી યુરોપીય ફિલ્મોને શબ્દદેહ અર્પ્યો છે.

'મેઘાણી' અને 'સિનેમા' બન્ને શબ્દો સાથે સાંભળીએ તો નવાઈ લાગે. પણ અભ્યાસુ જાણે છે કે જગતનું સુસાહિત્ય જ્યાંથી મળે ત્યાંથી મેઘાણીએ ગુજરાતી વાચકો સુધી પહોંચાડ્યું છે.'પલકારા'ની વાર્તાઓમાં છ ફિલ્મોની કથા છે. સામાન્ય રીતે કોઇ ફિલ્મો જોઈ આવે અને તેની વાત કરવાની થાય ત્યારે માંડ બે-પાંચ કે દસ મિનિટ વાત કરી શકાય. આપણને પોતાનો અનુભવ પણ ક્યાં નથી? મેઘાણી આપણને જે ફિલ્મો વિશે વાત કરે છે, તેની રજૂઆત, રસાળ શૈલી, બાની, અભિવ્યક્તિ જાણે કે તેમની પોતીકી વાર્તાઓ છે. તેમનું પોતાનું સર્જન છે.

અગર મેઘાણી 'આ વાર્તાઓ ફિલ્મો પરથી લખેલી છે' એવું આપણને ન કહે તો કેટલાં અત્યારના ભારતીયો જાણી શકે તે યુરોપીય black & white ફિલ્મોને?- મેઘાણી પ્રામાણિક વાર્તાકાર છે. કે જેમણે લોકસાહિત્ય અને લોકભોગ્ય સન્મુખ (સિનેમા) સાહિત્યને પોતાને નામે નથી ચડાવી દીધું. બલ્કે, જેનું છે તેનું જ રહેવા દઈને સાહિત્યની સેવા કીધી છે.

મેઘાણીએ ભલે આ વાર્તાઓનું સર્જન નથી કર્યું. પણ પોતાના ચિત્તમાં સંઘરીને, ઉછેરીને આપણને ચાહતું કર્યું છે. સારાં સાહિત્ય માંહ્યલું કંઈક આપણા હૃદય સુધી પહોંચાડ્યું છે.

જુદી-જુદી છ ફિલ્મો જોઈ તેનું બયાન અહીં તે છયે વાર્તામાં પ્રસ્તુત છે:

માસ્તર સાહેબ: topaz પરથી
દીક્ષા:cradle song પરથી
હિમસાગરના બાળ: Eskimo પરથી
બદનામ: dishonored પરથી
જલ્લાદનું હૃદય: Headsman પરથી
ધરતી નો સાદ: Viva villa પરથી

 ISSN: 2349-6002

આ છ એ છ વાર્તાઓ ઉપલબ્ધ છે. પરંતુ ફિલ્મો મળવી મુશ્કેલ છે. (Viva villa (1934) મળે છે.) મેઘાણી આ ફિલ્મો મળે તો મોકો ન જવા દેવા અનુરોધ કરે છે.

મેઘાણીની કલમે આ વાર્તાઓમાં નવો જ આકાર ધારણ કર્યો છે ક્યારેક વાંચતા-વાંચતા આ નવલિકાઓ નવલકથાની પ્રતીતિ કરાવે. તેમની અનિમેષ આંખના પલકારે જે ઝીલાયું તે આ છે.:

'માસ્તર સાહેબ' વાર્તામાં એક ખાનગી શાળામાં શિક્ષકની ફરજ બજાવતા 'સાહેબ' ની વ્યથાકથા દર્શાવી છે. હાઈસ્કૂલમાં એ વિજ્ઞાન શીખવતા. છોકરાઓ ની ચિંતા કરતા એ ભોળા માસ્તરને છોકરાઓ પજવતાં. – બ્લેકબોર્ડ પર ગધેડા નું ચિત્ર દોરવું, ખુરશી ની બેઠક પર ટાંકણીઓ ઉભી રાખવી, બૂમો પાડવી, ટીખળો કરવી –આટઆટલું સહન કરનારો વિદ્યાર્થી હિતેચ્છુ માસ્તર મજબૂર છે – ૧) પોતાના શિક્ષક ધર્મ ખાતર, ૨) બેરોજગારી ખાતર.

બેરોજગારીનો પ્રશ્ન આજથી સો વર્ષ પહેલાં યુરોપ આવી રીતે ચર્ચતું. આ એક માત્ર સમસ્યા જ નહીં, - પણ સાથોસાથ શિક્ષણનો વેપાર, અમીર-ગરીબ વચ્ચેનું અંતર, અધિકારીઓનો ખૌફ, કન્યા ન મળવી, પોતાની જાણ બહાર પોતાને નામે કોલન વોટર વેચાઇ રહ્યા છે, પોતાની જાણ બહાર કોઈકનો પતિ બનવું – ઓહો! હદ થઇ. - આ બધા પ્રશ્નો માત્ર યુરોપના જ નહીં બલ્કે બધા જ પ્રદેશનાં છે.

એક ભોળા માસ્તરની આ કથાનો કરુણ અંત કેટલો મર્માળ છે. 'સત્યનો નહિ પણ જુઠા નો જય થાય છે.' તેવો તીવ્ર વેદના ભરેલો સંવાદ જુઠ્ઠુ જગત ભોળાઓનો ભોગ લે છે.' તે વાત પ્રતીત કરાવે છે.

'દીક્ષા' વાર્તામાં સ્પેન દેશની ધર્મ દીક્ષા પર વાર્તાકારે વ્યંગ ચર્ચ્યો છે. Cradles song ફિલ્મમાં તેમણે જોયેલી ધાર્મિક સહિષ્ણુતાને રજુ કરી છે. મેઘાણી પોતે વણિક હોઇ, આ ધર્મદીક્ષાને બરાબર સમજી શક્યા છે.

યુવાનીના ઉંબરે પગ મૂકતી યુવતી રૂપાળી હોય કે કુડી હોય તેની સામે લોકોની મીઠી અથવા માઠી નજર પડવા લાગે છે. એવી એક યુવતી ધર્મદીક્ષા લેવા નીસરી છે. પણ સમાજ તેને 'ચેરાઈ ગયેલ છે', ચેરાઈ ગયેલ છે' એમ કરી અવખોડે છે. – એની તપાસ થતી હોતી નથી. કોઈ એક જ જણ આંગળીનું ચીંધામણ કરી બોલે 'ચેરાઈ ગયેલ છે' એટલે તેને લોક આંગળીઓ ચીંધી ચીંધીને 'ચેરી નાખે છે.' આ યુવતીની આવી જ હાલત હતી. તેણે દીક્ષા લીધી.(ચેરાઈ જવાને લીધે). વૈરાગ્ય એ જાણે જુવાનીને ભરખી જવા તેના પર લદાયું છે. તેનું મન હજુ સંસારમાં હતું.- ભાઈ, બહેન, બાપુના પ્રેમમાં હતું. વાજતે ગાજતે લઈ જાય છે તેને ધર્માલય. ત્યાં તેની જેવી સમદુખી ઘણી દીક્ષાર્થીઓ હતી. વાર્તા વાંચતા ખ્યાલ આવે છે કે આ સ્ત્રીઓને પાપ-પુણ્યના ડરથી કેદ કરવામાં આવે છે. તેમના સંવાદો, હરકત, ટીખળો જોતાં ક્યાંય વૈરાગ્યનો છાંટો નથી દેખાતો. ને આવું તો ઘણી સાધ્વીઓનું હતું.- વાર્તા ઘણી લાંબી છે, પણ લેખકને જે કહેવું છે તે એ છે કે 'ધર્મસ્થાનો ના બંધ બારણા સાથે ધાર્મિકોના હૃદયના બારણા પણ બંધ કરી દેવાય છે, પણ એના ભોગળ ભીડાતા નથી, ને એટલે ધર્માલયોની ચાર દીવાલમાં જ ધર્મભ્રષ્ટ થઈ રહ્યો છે.' પણ આ વાતને રજુ કોણ કરે? – મેઘાણી આ ફિલ્મ જોવા અંગુલિનિર્દેશ કરી હકીકતોને બહાર લાવી સાચા અર્થમાં સમાજ સુધારો કરી રહ્યા જણાય છે. યાદ આવે છે મહારાજા લાયબલ કેસ અને કરશનદાસ મૂળજી?

'હિમસાગરનાં બાળ' વાર્તામાં ઉત્તર ધ્રુવના ગામડામાં વસનારી પ્રજાનું જીવન આલેખાયું છે. આ પ્રજા કે જેણે 'પાપ'-'પુણ્ય' જેવા શબ્દો જેના શબ્દકોશમાં જ નથી. માત્ર પોતાનું પેટ અને તેને માટે થતાં પરાક્રમો કરનારની આ

દુનિયા છે. અહીં કથાનાયક 'માલો' છે. જે આખાયે ગામનો મોભી, હિંમતવાન, જોરાવર, વચનબદ્ધ લડવૈયો શિકારી છે.

આ લોકો બરફમાં બખોલ ખોદીને રહે. માત્ર દરિયાઈ માછલીઓ, સાબર, અને આકાશી પક્ષીઓ જ તેમનો ખોરાક. અનાજ ભાળ્યું જ નથી. એવું એમનું (એમને મન) ઉજળું જીવન જીવતી આ પ્રજાતિ વસે છે.પોતાની પત્નીને અને પતિને વફાદાર રહેનારી પ્રકૃતિને ગોદે ઉછરનારી આ પ્રજામાંથી ગૃહસ્થ જીવનનો પાઠ ભણવા જોગ છે.

'બદનામ'વાર્તામાં લોકો જેને બાજારું કહીને બદનામીનું બિરુદ આપ્યું છે, તેવી સ્ત્રીની કથા છે. વાર્તામાં વારંવાર 'રાંડ' શબ્દ તેના માટે પ્રયોજાયો છે. તે રાંડને પણ 'પ્યાર' ની લાગણી હોય છે અને તેને (રાંડ હોવા છતાં) પ્યાર કરનારાં પણ હોય છે. યુદ્ધ સમયે પોતાના દેશ માટે જાસૂસીનું કામ કરનારી આ બદનામ સ્ત્રીને એક ઊંચું સ્થાન મળી જાય છે. કિન્તુ એક દુશ્મન કેદીની સાથે 'પ્યાર'ની લાગણી થઇ આવતાં તેને નાસી છૂટવા મોકો આપે છે, ને તે લીધે તેને ઠાર કરવામાં આવે છે. 'પ્યાર'ની લાગણી પાસે બધું જ હારી જાય છે.-એ સાબિત કરતી આ જાસૂસકથાને 'લવ સ્ટોરી' કહીએ તે પ્રકારની બનવા જઈ રહી હોય એવી પ્રતીતિ પણ થાય.

ફરજ અને સ્નેહની વચ્ચે પીસાતા માશૂકજનની કરુણ ગાથા 'જલ્લાદનું હૃદય' વાર્તામાં છે. જલ્લાદ 'પ્રભુ' અને ' પિતૃદેવ'ની કસમ ખાઈને લાચાર છે હવે પોતાના મિત્રને મારવા માટે. પોતાની દસ વર્ષની દીકરી તોયાને યુવાન થાય ત્યારે પોતાના મિત્ર જલ્લાદને પરણાવવાનું વસિયતનામું કરેલું તે જલ્લાદને હાથ ધરે છે. વચનબદ્ધ જલ્લાદ દીકરી તોયા અઢાર વર્ષની જુવાન થાય ત્યારે અપનાવે છે. બાપુ ની મરતી વેળાની આજ્ઞાથી તે જલ્લાદને સ્વીકારે છે.

જલ્લાદ કોમ-કોમ વચ્ચેની લડાઈના શાંતિ માટેના પ્રયત્નોમાં રાતદિન ઘરેથી નીકળી જતો હોય છે. અને સ્ત્રીનું મન પુરુષનું પડખું ઝંખી રહ્યું છે. ને એ યુવાન કામાતુર સ્ત્રી તેના ચોકીદારના પ્રેમમાં પડી જાય છે. તે પરપુરુષની જલ્લાદને જાણ થતાં તે પુરુષને મારવાને બદલે પત્ની તોયાને તેને સોંપી દે છે. ને પોતે ફરી એકલો થઈ જાય છે. નાની-શી નવલકથા સમી આ વાર્તા સ્નેહનું બલિદાન આપતા શીખવી આ કથા વિરહની વાટ કેટલી વસમી છે તેનું ભાન કરાવે છે.

એક મોટા ફલકની નવલકથા મેઘાણી આપી શક્યા હોત. ને વાચકોને ઔર આનંદ આપી શકે તેવી શક્યતાઓ રહેલી છે તે વાર્તા એટલે 'ધરતીનો સાદ.'

ખેડૂતોના ઘર અને જમીન હડપ કરવાને દરબારના હુકમ સામે બોલનારા પટેલ(સરપંચ)ને મારી નાખવામાં આવે છે. તેનો દસ વર્ષનો દીકરો પાંચો વેરની આગમાં બહારવટે ચડે છે. અઢાર વર્ષનો થતાં થતાં એ ફ્રૌજ બનાવે છે. ફ્રૌજદાર- થાણેદાર-રાજના નોકરો એમ બધાયને માર્યા. લોકોમાં પાંચાનો ડર વ્યાપી ગયો. તેની જાણ પાંચાને એક રિપોર્ટર મિત્ર પાસેથી થતાં તે ડરને ઓછો કરવા તે નેકી તરફ વળ્યો.

'ભાઈજી' નામના એક માણસના પરિચયમાં આવતાં તેના વિચારોથી પ્રભાવિત થઈ રાજપલટો કરી 'લોકતંત્ર' સ્થાપવા મહેનત કરે છે. કથા લાંબી છે. મૂળ મુદ્દો શોષણ સામે જંગનો છે. અહીં પાંચો એ જાણે કાઠીયાવાડી નામ હોય તે Viva villa ફિલ્મના નાયકનું મૂળ નામ જ છે. 'પાંચો' અને 'માલો' બેઉ નામ આપણા સ્થાનિક જણાય છે. પણ તે મૂળ ફિલ્મોમાં પણ છે. તેનો મેઘાણી લાભ લઇ પાત્રોના નામ આપે છે. બાકી કોઈ વાર્તામાં પાત્રોના નામ આપ્યા નથી.

 ISSN: 2349-6002

આ 'ધરતીનો સાદ' વાર્તા જાણે કે ભારતની આઝાદીની જંગ સાથે મળતી લાગે છે. 'ભાઈજી'નો માર્ગ આપણા ગાંધીજી જેવો છે. ને પાંચાનો સરદાર પટેલ જેવો. સરદાર પટેલ રજવાડાઓનું વિલીનીકરણ કરાવી એક લોક રાજ્ય સ્થાપ્યું છે.- ભારતની આ ઘટના બન્યાના સવા દસકા પહેલા આ વાર્તા આપણને મળી જાય છે. લેખક એ દીર્ઘદ્રષ્ટા હોય છે. તે અહીં પુરવાર થતું જણાય છે.

આ કથાઓ ત્રણ ગળણીમાંથી પસાર થઈને આપણાં સુધી પહોંચી છે.: ૧) મૂળ કથાઓ, ૨) સિનેમા સ્વરૂપે, ૩) મેઘાણીની દૃષ્ટિએ આપણા સુધી પહોંચેલી નવલિકાઓ. આમ, ત્રિપરિમાણ પૃથક્કરણ પામીને વિશ્વ સંવેદનાઓને આપણામાં ભેળવી આપણાં સંવેદનને સ્પર્શી જાય છે.

આ વાર્તાઓમાં ભારતીય અને યુરોપીય સમાજની ભેળસેળ મેઘાણીએ એવી તો કરી આપી છે કે આ વાતો કોઈ એક પ્રદેશની ન જ લાગે. વાર્તાની ભાષા, સંવાદ, ગૂંથણી જોતા આ સર્જકની શબ્દકલા ઉપસી આવે છે. મેઘાણીને આ ફિલ્મમાં વિશ્વની સંવેદનાઓ દેખાઇ. ને વાર્તાઓ રૂપે સિનેમાનો સાર આપ્યો. કથાઓમાંથી ફિલ્મો બને છે પણ ફિલ્મો પરથી વાર્તા બને તે આશ્ચર્ય! કથાને પ્રકાશ અને ધ્વનિ મળે છે ત્યારે તે ચિત્ર બને છે.પણ અહીં ચિત્રમાંથી શબ્દ? જે ભાષાને મેઘાણી પ્રાપ્ત થાય ત્યાં આશ્ચર્ય જ થયા કરવાનું. કારણકે મેઘાણી જ્યાં નજર કરે ત્યાંથી સાહિત્ય પેદા કરે. તેમના બાહુ - બાહુ નહીં પણ દોતકલમ હતાં. જેનો શાહી ક્યારેય ખૂટ્યો જ નથી.

સિનેમા જેવું લોકભોગ્ય કલાક્ષેત્ર બીજું કયું હોય? - સિનેમાએ જગતનાં સારાં સાહિત્યને અભણ લોકો સુધી પહોંચતું કર્યું છે. મેઘાણી પણ સિનેમાના ચાહક છે. તેઓ 'સિનેમા નો વિરોધ ન કરવા' સ્પષ્ટ જણાવે છે. તે સિનેમાના સોદાગર નથી, પણ તેમનો મનોરથ આપણને સારાં ચલચિત્રો તરફ દોરવાનો છે. બનતાં કે જોયેલાં બનાવોને ભાષામાં મૂકવાનો યત્ન પણ શબ્દ સામર્થ્ય માગી લે છે. તેથી તે ભારે જહેમત ઉઠાવી વાર્તાઓરૂપે વિદેશી સિનેમાને આપણા સુધી પહોંચાડવાનો મહાયત્ન કરી રહ્યા છે. મૂળ ફિલ્મનું કથાનક કેટલું ને મેઘાણીનું કેટલું તે જુદું કદાચ મેઘાણીયે ન કરી શકે. તેવી ગૂંથણકલા તેમની રહી છે. ફિલ્મકળાનું આ જમા પાસું છે કે તે તેના સમયની જીવન સમસ્યાઓ સહેલાઈથી ચર્ચી શકે છે. આવી સામાજિક ફિલ્મો જોવાનો અનુરોધ મેઘાણનો રહ્યો છે. 'પલકારા' એવું આ ચોપડીનું નામાક્ષર પણ કેટલું સર્જનાત્મક છે! મેઘાણી શિર્ષક અને આ વાર્તાના સર્જન સંદર્ભે કહે છે: 'આમ કોઈ વિરાટની આંખના વેગવંતા પલકારા દરમિયાન એની કાળી પાંપણો વચ્ચે મારાથી જે કંઈ પકડી લેવાયું, તેને મેં સ્મરણ મંદિરમાં સુવાડી લીધું. પવનવેગીલી એ તેજપગલીઓની આછી આછી મુદ્રા મેં મારા ચિત્તપ્રદેશ પર અંકાઈ જવા દીધી. ને પછી મેં મારા અંતઃકરણની આરપાર ચાલ્યાં ગયેલાં એ અતિથિઓની અખંડ સ્મરણ સાંકળી વેરણછેરણ અંકોડામાંથી ઊભી કરી.' મુજ સરીખાને ખ્યાલ પણ નહીં હોય કે, લોક સાહિત્યના મર્મી સિનેમાના પથદર્શી પણ બની રહ્યા છે. અલગ અલગ પ્રદેશની હોવા છતાં આ યુરોપિય-અમેરિકન ફિલ્મોનો સાર્વજનિક અવાજ લઈ મેઘાણી આપણને આ વાર્તા કહી રહ્યા છે. હમણાં કહ્યું એમ પાત્રોના નામો કે આ સાર્વજનિકતા કે સમસંવેદનથી આખુંય વિશ્વ એક સરખું ભાસે છે. ઉમાશંકરના સમકાલીન મેઘાણી વિશ્વમાનવી પુરવાર થયા છે.

સંદર્ભસૂચિ:

[1] પલકારા_ લે. મેઘાણી, ઝવેરચંદ આ. ૧૯૪૪ પુ. ૧૯૯૧

[2] પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય રતનપોળનાકા સામે. ગાંધીમાર્ગ અમદાવાદ-380 001 : ફોન : ૨૨૧૪૪૬૬૩

[3] મેઘાણીની સમગ્ર નવલિકા (ભાગ-૧) પુનર્મુદ્રણ:૧૯૯૮

[4] મુદ્રક :ભગવતી ઓફસેટ ૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪